## ડાયરેક્ટ ❤ સે

જલેબીએ
હળવેકથી
મારા કાનમાં કહ્યું,
શીખો મારી પાસેથી.
ખુદ ભલે
ગમે તેટલા ગૂંચવાયેલા હોવ,
બીજાને તો મીઠાશ જ આપવી.

## જન્મદિને વધામણી



ભાવેશસિંહ ભાટી

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

# માઉન્ટ કાર્મેલ સ્કૂલ દ્વારા ઈ.ડી.આઈ.ની મુલાકાત



સેકટર-૨૧, સ્થિત માઉન્ટ કાર્મેલ શાળાના સામાન્ય પ્રવાહના ધોરણ ૧૧ અને ૧૨નાં વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.ધોરણ-૧૨ અને ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓએ EDIની મુલાકાત લીધી હતી. ત્યાં ડૉ. કવિતા ગુપ્તાએ વિદ્યાર્થીઓને અહીંનાં કાર્યોની માહિતી આપી હતી. સંસ્થા પ્રાથમિક કક્ષાએ વ્યાપાર કરવા ઈચ્છતા વ્યક્તિને મદદરૂપ થાય છે. તેનાં, દ્વારા વિદ્યાર્થીઓને વેપાર કરવાની જાણકારી મળી. શૈક્ષણિક ટ્રીપનું આયોજન શાળાના આચાર્યા સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ વર્ગ શિક્ષક નીરવ સોઢા તથા સોનમ યાદવ દ્વારા કરવામાં આવ્યું હતું.

# રેડિયન્ટ સ્કૂલ દ્વારા ભવ્ય ઉજવણી





સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ દ્વારા થનગનાટ ગરબા ગ્રાઉન્ડ, સૅક્ટર-૧૧ ખાતે નવરાત્રીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શાળા મેનેજમેન્ટ, વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, સેવકો સૌએ સાથે મળી મા આદ્યશક્તિની આરાધના કરી રાસ-ગરબાનો આનંદ માણ્યો હતો. શ્રેષ્ઠ ગરબા રમનાર વિદ્યાર્થીઓ અને વાલીઓને ઈનામોથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં

# આર ઍન પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓ ઝળક્યા

ગાંધીનગર, તા. ૨૦

કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા પ્રેરિત અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા સંચાલિત બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં શ્રીમતી આર ઍન પટેલ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ જુદી-જુદી સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળાનું ગૌરવ વધાર્યુ છે.

અ વિભાગની ચિત્ર સ્પર્ધામાં સૃષ્ટિ એ પટેલ પ્રથમ, ભજન સ્પર્ધામાં કાશિશ ગોસ્વામી તૃતિય, બ વિભાગની ચિત્ર સ્પર્ધામાં અવિ ઓઝા તૃતિય, લગ્નગીતમાં ક્રિશા ડી મહેરિયા તૃતિય, નિબંધ સ્પર્ધામાં પ્રકાશ એસ પઢાર તૃતિય અને ખુલ્લા વિભાગની લોકગીત સ્પર્ધામાં હાર્દિક કે પટેલ તૃતિય ક્રમે વિજેતા બન્યા હતા. શાળા પરિવાર વતી આચાર્ય દશરથભાઈ પટેલ દ્વારા તમામ વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા

# ફરતા ગરબાની સ્પર્ધા યોજાઈ



બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા વયજૂથ મુજબ ફરતા ગરબાની હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં બ્રહ્મબહેનો, શહેરનાં નગરસેવક બહેનો અને વિવિધ સંસ્થાનાં પ્રમુખોએ હાજરી આપી હતી. નૈષધા ઉપાધ્યાય, સલોની શર્મા, શ્વેતા ઉપાધ્યાય, નીતા શુક્લ, મોનિકા જોષી, પૂર્વા, મનીષા ત્રિવેદી, રેખા ભટ્ટ, નીલા શુક્લ, પુનિતા જોષી, ઊર્મિલા, ચંદ્રિકા રાવલ, જ્ઞાનદેવી ઉપાધ્યાય, અંજના ગોર, પ્રતિમા ત્રિવેદી, પ્રતિભા દવે, નીલુ દવે, પારુલ દવે, નીશા દવે આ સ્પર્ધામાં વિજેતા બન્યાં હતાં, જેમને સંસ્થા તરફથી માતબર ઈનામો આપવામાં આવ્યાં હતાં.

કાર્યક્રમનું સંચાલન અંજના ગોર દ્વારા કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘોષક તરીકેની સેવા જયશ્રી ખેતિયા દ્વારા આપવામાં આવી હતી.

# શ્રીવેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે પ્રેરણાત્મક વ્યાખ્યાન યોજાયું



ગાંધીનગર, તા. ૨૯

હરિસિદ્ધિ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીવેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સૅક્ટર-૨૫ ખાતે વિદ્યાર્થીઓ માટે મોટીવેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મૌલિક સોનીએ આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકેની જવાબદારી અદા કરી હતી. વિદ્યાર્થીઓ પોતાનામાંનો ડર ભગાડી સ્વસ્થ બની પરીક્ષા આપી શકે એ માટે તેમણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આળસ ત્યાગીને સખ્ત મહેનત કરવા અને પોતાના આત્મવિશ્વાસને બળવત્તર બનાવવા તેમણે વિદ્યાર્થીઓને સલાહ આપી હતી. કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી બાબુદાદા, મેનેજિંગ ડિરેક્ટર ડી વી પટેલ, કૅમ્પસ ડિરેક્ટર સી બી પટેલ, ઍજ્યુકેશન ડિરેક્ટર કે એસ પટેલ, ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ સ્કૂલના પ્રિન્સિપાલ સંગીતાબેન, નિર્મલબેન ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમ સંચાલન શિક્ષક કિરણભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઍમ ઍન કૉલેજ, વિસનગર ખાતે ઈતિહાસના વિદ્યાર્થીઓ માટે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૯

ઍમ ઍન કૉલેજ, વિસનગર ખાતે ઈતિહાસના વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્વગત પ્રવચન ઈતિહાસ વિભાગના વડા ડૉ. કે જી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય અભિલેખાગાર ખાતું, ગાંધીનગરના નિવૃત્ત અધિક્ષક જિતેન્દ્ર વી શાહ દ્વારા 'અભિલેખાગાર અને ઈતિહાસ' નામના વિષયે રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં ઈતિહાસની સાથોસાથ રાષ્ટ્રીય અભિલેખાગાર, ગુજરાત રાજ્ય અભિલેખાગાર, સંશોધન ક્ષેત્રે દફતરોની ઉપયોગિતા, પ્રકાશનો, ઓરલ હિસ્ટ્રી, શાસનસૂત્રો બાબતો વિસ્તારપૂર્વક સમજૂતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરીમાં ભાગ લઈ વ્યાખ્યાનને જીવંત બનાવ્યું હતું. પ્રિન્સિપાલ ડૉ. આર ઍમ જોષીના માર્ગદર્શન દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું.

# આર ઍન પ્રાઈમરી સ્કૂલ દ્વારા ઈન્દ્રોડા પાર્કનો પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર ઍન પ્રાઈમરી સ્કૂલ દ્વારા સહઅભ્યાસિક પ્રવૃત્તિના ભાગરૂપે ધોરણ-૩ના ૧૧૫ વિદ્યાર્થીઓને ઈન્દ્રોડા પાર્કની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ પર્યાવરણ સ્વચ્છતા, પક્ષી અને પ્રામીઓની જાળવણી અંગેનું માર્ગદર્શન શિક્ષકો પાસેથી પ્રાપ્ત કર્યુ હતું. અહીં વિદ્યાર્થીઓએ ડાયનાસોર અને જીવાવશેષ ઉદ્યાન કુતૂહલતાપૂર્વક નિહાળ્યાં હતાં ને પક્ષીઘરમાં રંગબેરંગી પક્ષીઓ નિહાળી તેમના મધુરા અવાજની મજા પણ માણી હતી. આ મુલાકાતથી વિદ્યાર્થીઓને પ્રકૃતિ પ્રેમ અને પર્યાવરણની જાળવણી તેમજ સ્વચ્છતાના સ્વલક્ષી પાઠ ભણવા મળ્યા હતા. વિદ્યાર્થીઓ સાથે આ મુલાકાતમાં શિક્ષક કિરણબેન પટેલ, ભૂમિકાબેન પટેલ, અંજનાબેન દરજી, આશિષભાઈ સોલંકી પણ જોડાયા હતા.

### શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા , ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા દ્વારા

# સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સ્વચ્છતા સપ્તાહનું આયોજન



ગાંધીનગર, તા. ૨૯

રાષ્ટ્રીય સેવા યોજના એકમ શારીરિક, શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સ્વચ્છતા સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં આજુબાજુનાં ગામો રાજપુર, કલ્યાણપુરા, મોતીપુરા અને સાદરામાં સ્વચ્છતાને લગતા વિવિધ કાર્યક્રમો જેવા કે નિબંધ સ્પર્ધા, વક્તૃત્ત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, સૂત્ર લેખન સ્પર્ધા, સ્વચ્છતા જાગૃતિ રેલી અને પ્લાસ્ટિક વીણવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ કાર્યક્રમ અંતર્ગત ગૌ સંવર્ધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠના પ્રાધ્યાપક રમેશભાઈ પટેલના વ્યાખ્યાનનું આયોજન મોતીપુરા પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવ્યું હતું. 'સ્વચ્છતામાં મારી ભૂમિકા' વિષયે વિદ્યાર્થીઓને આ વકતવ્ય દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વ્યકિતગત સ્વચ્છતા અને શૌચાલય મુકત ગામ માટે વિદ્યાર્થીઓની શું જવાબદારી હોઈ શકે તે બાબતની સ્પષ્ટતા કરવામાં આવી હતી. કાર્યક્રમનું આયોજન અને સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ, સ્વયંસેવક મિતુલ પટેલ અને રાહુલ મકવાણા દ્વારા કરવામાં આવ્યું હતું.

# દુર્ગોત્સવમાં છવાયો ગુજરાતી ગરબાનો માહોલ






પુરબાશા કલ્ચરલ ઍસોસિએશન દ્વારા દુર્ગાપૂજા ઉત્સવનું આયોજન ગાંધીનગર ખાતે સતત ૨૯મા વર્ષે કરવામાં આવ્યું છે. સૅક્ટર-૧૬ રંગમંચ ખાતે દુર્ગોત્સવ-૨૦૧૭નો પ્રારંભ ૨૬ તારીખથી કરવામાં આવ્યો છે, જે ૩૦ તારીખ સુધી કાયમ રહેશે. ગુરુવારે રાત્રે આ ઉત્સવ અંતર્ગત નવરાત્રી થીમ અંતર્ગત ગરબા નાઈટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નગરના કલાકારોએ ગુજરાતી રાસ-ગરબાની સુંદર રજૂઆત કરી હતી. શુક્રવારે સવારે પુરુષો માટે શંખ વાદન સ્પર્ધા આ ઉપક્રમ અંતર્ગત યોજવામાં આવી હતી. ઉપરાંત મહાયજ્ઞનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. પારંપરિક બંગાળી વેશભૂષામાં સજ્જ બંગાળી પરિવારોએ માહોલને બંગાળી સુવાસથી ભરી દીધો હતો.

### ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસમાં

# પરીક્ષા ત્રીજીને બદલે પાંચમી ઑક્ટોબરથી

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલોજોમાં બીજી-ત્રીજી ઓક્ટોબરથી પરીક્ષા શરૂ થવાની હતી, પણ સળંગ ત્રણ દિવસની રજા આવતી હોવાથી પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને તેને ત્રણથી ચાર દિવસ પાછળ ખેંચી છે. યુનિવર્સિટીના કુલપતીએ ગુરૂવારે પરિક્ષા વિભાગની બેઠક બોલાઈ હતી અને અધિકારીઓનો ઉધડો લીધો હતો. પરીક્ષાને અઠવાડિયાનો સમય બાકી રહ્યો નથી તેમ છતા વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા પુરી કરવામાં આવી નહોંતી. આ કારણે કુલપતિ પરીક્ષા વિભાગના અધિકારીઓ ઉપર ગુસ્સે થયા હતાં.

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોની વિધિવત પરીક્ષાનો પ્રારંભ ઓક્ટોબરના પહેલા સપ્તાહથી શરૂ થવાની હતી. વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવવા યુનિવર્સિટી તરફથી અધિકારીઓને કેટલાય દિવસ અગાઉથી સૂચના આપી દેવામાં આવી હતી. હવે પરીક્ષા આડા માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા હતા ત્યારે પરીક્ષા વિભાગના અધિકારીઓ દ્વારા દોડાદોડ કરી મૂકવામાં આવી હતી. આ અંગેની કુલપતિને ફરિયાદ મળતા કુલપતિએ ગુરૂવારે પરીક્ષા વિભાગના અધિકારીઓની તાત્કાલીક બેઠક બોલાવી હતી.

બેઠકની અંદર રજીસ્ટ્રાર, પરીક્ષા નિયામક સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતાં. પરીક્ષા કામગીરીમાં અધિકારીઓની અનિયમિતતા ધ્યાને આવતા કુલપતિએ તેમની ઝાટકણી કાઢી હતી. હજૂ સુધી બેઠક વ્યવસ્થા ગોઠવવામાં ન આવી હોવાના કારણે વિદ્યાર્થીઓના હોલ ટિકિટની વ્યવસ્થા પણ ખોરવાઈ ગઈ હતી. યુનિવર્સિટીને કોલેજ સંચાલકો દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી. આગામી પાંચ સપ્ટેમ્બરથી પરીક્ષાનો પ્રારંભ થશે.